### વીજળીના ચમકારા અને કડાકા ભડાકા સાથે ભારે ભર ચોમાસા જેવો વરસાદ તૂટી પડ્યો

# ભરૂચ પંથકમાં ધોધમાર વરસાદ ખાબકતા જનજીવન ખોરવાયું

ભરૂચ અને અંકલેશ્વરમાં શનિવારે બપોર સુધીમાં પોણોથી એક ઈંચ ઉપરાંત વરસાદ ખાબક્યો

**તોફાની બેટિંગ** | મેઘરાજાએ વિદાય લેતા અગાઉ પણ રૌદ્ર સ્વરૂપ બતાવતા ઠેરઠેર વરસાદી પાણી ફરી વળ્યા





વાતાવરણમાં અચાનક બદલાવ સાથે ભરૂચ વિસ્તારમાં મુશળધાર વરસાદના પગલે નીચાણવાળા વિસ્તારોમાં ઠેરઠેર પાણી ભરાઇ ગયેલા નજરે પડે છે.

| ભરૂચ |

ભરૂચ પંથકમાં આજે વહેલી સવારથી જ વરસાદી વાતાવરણ છવાઈ ગયુ હતુ. આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાઈ ગયા હતા. વહેલી સવારે ઝરમર વરસાદ વરસી રહયો હતો. જેના પગલે ઠંડક પ્રસરી જતા હીલ સ્ટેશન જેવુ વાતાવરણ છવાઈ ગયુ હતુ. પંરતુ જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ વરસાદનું પ્રમાણ વધતુ ગયુ હતુ અને બપોરના સમયે વરસાદે અસલ રૌદ્ર સ્વરૂપ બતાવતા ઠેર ઠેર જળબંબાકારના દ્રશ્યો છવાઈ ગયા હતા.

હવામાન ખાતા તરફથી આજે તા.૮ ઓકટોબરના રોજ ભારે વરસાદ વરસવા અંગેની આગાહી કરવામાં આવી હતી. જો કે ગતરોજ સમી સાંજથી જ ભરૂચ પંથકમાં વરસાદી વાતાવરણ છવાઈ ગયુ હતુ. આજે તો જાણે કે ચોમાસાની ઋતુ હોય તે પ્રમાણે ભરૂચ પંથકમાં ગાજવીજ અને વીજળીના ચમકારા તેમજ કડાકા ભડાકા સાથે ભારે વરસાદ તુટી પડયો હતો. આવા ભારે વરસાદના પગલે ભરૂચ નગરના રહેવાસીઓના જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયુ હતુ. ભરૂચ નગરના નિચાણવાળા વિસ્તારોના રસ્તા પર વરસાદી પાણી ફરી વળતા રાહદારીઓ અને વાહન ચાલકોને ભારે હાડમારી ભોગવવી પડી હતી.

### સવારે ૬ થી બપોરે ૨ વાગ્યા સુધીનો વરસાદ

ભરૂચ જિલ્લામાં તા.૮ ઓકટોબર ના રોજ સવારે ૬ થી બપોરનો ૨ વાગ્યા સુધી તાલુકા મુજબ વરસાદની વિગત જોતા અંકલેશ્વરમાં ૩૦ મીમી, ઝગડીયામાં ૧ મીમી, નેત્રંગમાં ૪ મીમી, ભરૂચમાં ૧૭, વાલીયામાં ૧૦ મીમી વરસાદ વરસ્યો હતો. બાકીના તાલુકામાં ઝરમર વરસાદને બાદ કરતા નોંધપાત્ર વરસાદ વરસ્યો ન હતો. કુલ ૬૨ મીમી વરસાદ વરસતા જિલ્લામાં આજે સવારે ૬ થી ૨ વાગ્યા સુધીમાં સરેરાશ ૬.૮ મીમી વરસાદ વરસ્યો હતો.

### ૧ કલાક કરતા વધુ સમય સુધી મેઘાનુ તોફાની બેટિંગ

ભરૂચ પંથકમાં વરસાદે તોફાની બેટીંગ કરતા લોકોનાં જનજીવન પર માઠી અસર પડી હતી. બપોરના ૧ કલાકથી વરસાદનું તોફાની બેટિંગ શરૂ થયુ હતું. જે સતત એક કલાકથી વધુ સમય ચાલ્યુ હતું. ભારે વરસાદના પગલે ભરૂચ નગરના નિચાણવાળા વિસ્તારમાં વરસાદી પાણીનો ભરાવો થયો હતો.

### મુખ્ય માર્ગો પર વરસાદી પાણી ભરાયા

વર્ષાઋતુના દિવસો હોય તે મુજબ આજે તા.૮ ઓકટોબરના રોજ ભારે અને તોફાની વરસાદ તુટી પડયો હતો. જેના પગલે સેવાશ્રમ રોડ, લીંકરોડ,સ્ટેશન રોડ, કતોપોર ઢોળાવ વિસ્તાર, કસકથી ઝાડેશ્વર જવાના માર્ગ પર વરસાદી પાણીનો ભરાવો જણાય રહ્યો હતો. આવા માર્ગો પર વરસાદી પાણી ભરાતા મોટર સાયકલ, મોપેડ અને રીક્ષા તેમજ અન્ય વાહનો વરસાદી પાણીમાં ફસાઈ ગયા હતા.

### ઝઘડિયા તાલુકામાં દશેરા બાદ વરસાદના આગમનથી ચોમાસાનો માહોલ છવાયો

ઝઘડિયા : ભરૂચ જીલ્લાના ઝઘડિયા તાલુકામાં હાલ દશેરા પર્વની ઉજવણી પુર્ણ થતા દિવાળીના દિવસોની શરૂઆત થઇ છે, ત્યારે ગઇકાલથી એકાએક આકાશમાં વાદળો ચઢી આવીને વરસાદ વરસવો શરૂ થયો હતો. ગઇકાલથી શરૂ થયેલ વરસાદી માહોલ આજે પણ યથાવત રહેતા તાલુકામાં ચોમાસું ફરીથી ખીલ્યુ હોય એમ જણાય છે. વરસાદના આગમનથી જનતાએ ઉકળાટમાં રાહત અનુભવી હતી. જોકે હાલ ખેતરોમાં ઘણોખરો ચોમાસુ પાક લગભગ પરિપક્વ થવાની તૈયારીમાં છે ત્યારે વરસાદથી કેટલાક ચોમાસુ પાકને નુકશાન થવાની ભીતિ ખેડૂતોમાં જણાય છે.

### વરસાદથી વડાપ્રધાનના સભાસ્થળે કાદવ-કીચડનું સામ્રાજ્ય



આમોદમાં ધોધમાર વરસાદ વરસતા વડાપ્રધાન માટે બનાવેલા સભામંડપની આસપાસ વરસાદી પાણી ભરાઈ ગયા હતા. જેના કારણે કાદવ - કિચ્ચડનું સામ્રાજ્ય ફેલાતા સભા સ્થળ સમથળ કરવા કામગીરી હાથ ધરાઇ હતી.

# આમોદમાં વડાપ્રધાનના કાર્યક્રમ સ્થળે પાણી ભરાતા તંત્રમાં દોડધામ

### કપચી, મેટલ, ડસ્ટ પાથરી સભાસ્થળને સમતલ કરવાની કામગીરી હાથ ધરાઈ

| જંબુસર |

ધોધમાર વરસાદ વરસતા આમોદમાં રેવા સુગર પાસે વડાપ્રધાનના આગમન પહેલાં સભામંડપ સહિત આસપાસ પાણી ભરાતા વહીવટીતંત્ર દ્વારા કપચી, મેટલ, તથા ડસ્ટ પાથરી સભાસ્થળને સમથળ કરવાની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે.

જંબુસર તાલુકા ટંકારી બંદર સહિતના પાંચ ગામોની ૨૦૦૦ એકર જેટલી જમીન ઉપર નિર્માણ થનાર ભારતના પ્રથમ બલ્ક ડ્રગ પાર્કના ખાતમુહૂર્ત માટે આમોદ ખાતે આગામી ૧૦મી ઓક્ટોમ્બરને સોમવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવવાના હોય વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. ત્યારે આમોદમાં ધોધમાર વરસાદ વરસતા વડાપ્રધાન માટે બનાવેલા સભામંડપની આસપાસ વરસાદી પાણી ભરાઈ ગયા હતા. આ ઉપરાંત તૈયારીઓના ભાગ રૂપે કામ કરતાં મજૂરોના મંડપ પણ ધોધમાર વરસાદ અને ભારે પવનને કારણે ઉડી ગયા હતા. જેથી વડાપ્રધાનના આગમનની તૈયારી કરતાં તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી. તેમજ સભામંડપ સહિત પાર્કિંગ વ્યવસ્થામાં પણ વરસાદી પાણી ભરાઈ ગયા હતા.આ ઉપરાંત વડાપ્રધાનની સભા માટે બંદોબસ્તમાં આવેલા અનેક પોલીસ જવાનો ના વાહનો પણ વરસાદને કારણે કાદવમાં ફસાઈ ગયા હતાં.અત્રેઉલ્લેખનીય છે કે વડાપ્રધાનની જાહેર સભા માટે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે પરંતુ વરસાદ વરસતા તંત્ર ની તૈયારીઓ ઉપર જાણે પાણી ફરી વળ્યું હોય તેમ લાગી રહ્યું હતુ. આજે સવાર થી જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સભાસ્થળે પરિસ્થિતી યથાવત કરવા વહીવટીતંત્ર ધ્વારા યુધ્ધના ધોરણે કામગીરી હાથ ધરી હતી.સભા સ્થળે ભરાયેલ પાણીના નિકાલ માટે કામગીરી હાથ ધરી સભા મંડપની આજુબાજુની જગ્યા વ્યવસ્થિત કરવા સેંકડો જેસીબી મશીન તેમજ મજૂરોને કામે લગાડયા છે.તેમજ એક હજાર થી વધુ ગાડી મેટલ, કપચી,ડસ્ટ પાથરી યથાવત સ્થિતી કરવાની કામગીરી હાથ ધરવામા આવી છે.

### વરસાદને કારણે પાણી ભરાતા વડાપ્રધાનના કાર્યક્રમનું પાર્કિંગ સ્થળ બદલવા તંત્રની કવાયત

આમોદ પંથકમાં ધોધમાર વરસાદને કારણે વડાપ્રધાનના કાર્યક્રમના સભામંડપ નજીક ખેતરમાં બનાવેલા પાર્કિંગ સ્થળમાં પાણી ભરાઈ જતાં કાળી માટીને કારણે સ્થળ ઉપર કાદવ થઈ જતા વાહનો પાર્ક થઈ શકે તેવી પરિસ્થિતિ ના હોય વહીવટી તંત્ર દ્વારા અન્ય જગ્યાએ વાહન પાર્કિંગ સ્થળ બદલવાની કવાયત હાથ ધરી છે.

### નરેન્દ્ર મોદી ૩ દિવસમાં અમદાવાદ, જામનગર, મહેસાણા, ભરૂચની મુલાકાત લેશે

# વડાપ્રધાન ભરૂચમાં ૮૨૦૦ કરોડથી વધુના પ્રોજેકટનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે

### ભરૂચમાં રૂા. ૨૫૦૦ કરોડના ખર્ચે સુવિધાયુકત બલ્ક ડ્રગ પાર્ક બનશે

| ભરૂચ |

આગામી ૯ થી ૧૧ ઓકટોબર દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદ, જામનગર, મહેસાણા અને ભરૂચની મુલાકાત લઈ રહ્યા છે. જયાં ગુજરાતીઓને વિવિધ વિકાસ કાર્યોની ભેટ મળવા જઈ રહી છે. ભરૂચમાં ૮૨૦૦ કરોડથી વધુના પ્રોજેકટનું કામ ઝડપી ગતિએ ચાલી રહ્યુ છે. ભરૂચના જંબુસરમાં ૨૫૦૦ કરોડથી વધુના ખર્ચે રાજયના પ્રથમ સર્વ સુવિધાયુકત બલ્ક ડ્રગ પાર્કનું નિર્માણ થશે. જેનું પીએમ મોદીના હસ્તે ખાતમુર્હુત કરવામાં આવશે. આ સાથે જ પીએમ વિવિધ ઔદ્યોગિક પાર્ક અને ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટનું પણ ખાતમુર્હુત અને લોકાર્પણ કરશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સાહસિક ભાવના અને સમૃદ્ધ સંસાધનો સાથે આગળ વધી રહ્યુ છે અને દેશના વિકાસમાં યોગદાન આપી રહ્યુ છે. સાથે જ આત્મનિર્ભર ગુજરાતનું નિર્માણ કરવા અને આત્મનિર્ભર ભારતની દિશામાં આગળ વધતા માટે ગુજરાત મક્કમ વલણ અપનાવી રહ્યુ છે. આત્મનિર્ભર ગુજરાતના વિઝનને હાંસલ કરવા માટે, ગુજરાત સરકાર રાજયમાં ઉદ્યોગો માટે શ્રેષ્ઠ ઈકોસિસ્ટમ પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે. તેને અનુરૂપ રાજય સરકાર ભરૂચમાં ૮૨૩૮.૯૦ કરોડના બહુવિધ પ્રોજેકટસનું ઉદ્દઘાટન કરવાનું આયોજન કરી રહી છે. જેમાં બલ્ક ડ્રગ પાર્કનો શિલાન્યાસ, ૪ ટ્રાઈબલ પાર્ક, ૧ એગ્રો પાર્ક, ૧ સી-ફૂડ પાર્ક, ૧ એમએસએમઈ પાર્ક અને ૨ બહુ-સ્તરીય ઔદ્યોગિક શેડનું ભૂમિપૂજન, ડીપ સી પાઈપલાઈન પ્રોજેકટ, જીએસીએલના ચાર પ્રોજેકટનું ઉદ્દઘાટન, અંકલેશ્વર એરપોર્ટ-ફેઝ-૧ નું ઉદ્દઘાટન, ભરૂચ ભૂર્ગભ ગટર અને એસટીપી ના કામોનું લોકાર્પણ, ઉમલ્લા અશા પાણેથા રોડ મજબુતીકરણ અને આઈઓસીએલ દહેજ કોયલી પાઈપલાઈનના ઉદ્દઘાટન જેવા પ્રોજેકટસનો સમાવેશ થાય છે.

ભારતને આત્મનિર્ભર બનાવવાના વડાપ્રધાન વિઝન હેઠળ, બલ્ક ડ્રગ પાર્ક માટેની યોજના શરૂ કરવામાં આવી હતી. આ યોજના હેઠળ બલ્ક ડ્રગ પાર્કની સ્થાપના માટે ૨૦૧૫.૦૨ હેકટર વિસ્તારમાં ૨૫૦૦ કરોડના ખર્ચે ગુજરાતની પસંદગી કરવામાં આવી છે.આ યોજનાનો હેતુ આત્મનિર્ભર ભારત અભિયાનને પ્રોત્સાહન આપવાનો છે.

### સુરત, નવસારી, વલસાડ સહિત ભરૂચ જિલ્લામાં વરસાદ

# નુરૂ વાવાઝોડાથી દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ

| અંકલેશ્વર |

નુરૂ વાવાઝોડાની અસરના પગલે દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ જોવા મળી રહયો છે. ત્યારે ભરૂચ અને અંકલેશ્વરમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો.

હવામાન વિભાગની આગાહી મુજબ નુરુ વાવાઝોડાની અસર દેખાવાની શરૂ થઈ છે. સમગ્ર દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. ગઈકાલે પણ સુરત, તાપી, વલસાડ, નવસારી જિલ્લામાં વરસાદ ખાબક્યો હતો. આજે પણ વહેલી સવારથી તમામ વિસ્તારોમાં આ જ પ્રકારની સ્થિતિ જોવા મળી રહી છે.વાવાઝોડાની અસરના પગલે બંગાળની ખાડીમાં લો પ્રેશર સર્જાયું છે જેના કારણે દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ જોવા મળી રહયો છે. ભરૂચ અને અંકલેશ્વરમાં આજે સવારથી જ ધોધમાર વરસાદ વરસ્યો હતો. કાળ ડીબાંગ વાદળોની ફૌજ સાથે મેઘરાજાની શાહી સવારી આવી પહોંચી હતી અને વરસાદ વરસ્યો હતો. વરસાદના કારણે અને વિસ્તારમાં પાણી જ પાણી જોવા મળ્યું હતું તો બીજી તરફ ડાંગર સહિતના પાકને નુકશાનની ભીતિ ખેડૂતોવ્યક્ત કરી રહ્યા છે.

### વરસાદથી ડાંગર સહિતના પાકને નુક્સાન

### વડાપ્રધાનના આગમનથી સલામતી વ્યવસ્થા સઘન બનાવાઈ

# ભરૂચ જિલ્લાને સુરક્ષાને ધ્યાને લઈ નો ડ્રોન એરિયા જાહેર કરવામાં આવ્યો

### તંત્ર દ્વારા તકેદારીના ભાગરૂપે વિશેષ સાવચેતી રાખવામાં આવી

| ભરૂચ |

આગામી તા.૧૦ ઓકટોબરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જંબુસર ખાતે બલ્ક ડ્રગ પાર્કના ઉદ્દઘાટન કાર્યક્રમ અંતર્ગત આમોદ રેવા સુગર ગ્રાઉન્ડ ખાતે જાહેર સભા સંબોધન કરનાર છે.

આ કાર્યક્રમમાં વડાપ્રધાન સહીત અન્ય પદાધિકારીઓ તથા મહાનુભાવોની સલામતી અને સુરક્ષા વ્યવસ્થા, કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે તકેદારીના ભાગરૂપે વિશેષ સાવચેતી રાખવાના ભાગરૂપે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એન.આર. ધાંધલ સત્તાની રૂએ તા.૯ ઓકટોબર ૨૦૨૨ના રોજ ૧૨ કલાકથી તા.૧૦ ઓકટોબર ૨૦૨૨ ના ૨૪ કલાક સુધી ભરૂચ જિલ્લાને નો ડ્રોન એરિયા જાહેર કરવામાં આવ્યો છે. વધુમાં આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિતને ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે એમ પણ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાં જણાવવામાં આવ્યુ છે.

### વડાપ્રધાનની ભરૂચના આમોદ મુલાકાતને લઈને ટ્રાફિકના નિયમન સંદર્ભે રૂટ ડાઈવર્ઝન કરાયા

જંબુસર ખાતે આગામી તા.૧૦ મી ઓકટોબર ૨૦૨૨ ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બલ્ક ડ્રગ પાર્કના ઉદ્દઘાટન કાર્યક્રમ યોજાનાર છે. આ કાર્યક્રમમાં ૧ લાખ જેટલી જનમેદની હાજર રહેનાર હોય કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ તેમજ ટ્રાફીક નિયમન માટે વાહનોની અવરજવર ઉપર પ્રતિબંધ મુકી રૂટ ડાયવર્ઝન આપવુ હતું. જેથી તા.૧૦ ઓકટોબર ૨૦૨૨ ના રોજ સવારના ૬ કલાક થી સાંજના ૧૮ કલાક સુધી જાહેર જનતાની સુવિધા અને સલામતી માટે આમોદ ખાતે પ્રોગ્રામમાં જતા વાહનો સિવાય તમામ પ્રકારના વાહનોની અવરજવર પર પ્રતિબંધ મુકવા હુકમ કરવામાં આવે છે. આ રસ્તો બંધ થવાથી વૈકલ્પિક વ્યવસ્થા તરીકે ભરૂચ તરફથી આમોદ પ્રોગ્રામમાં જતા વાહનો સિવાયના તમામ વાહનો જંબુસર જવા માટે દયાદરા થઈ નબીપુરથી પાલેજ થઈ સરભાણ થઈ શમા હોટલ આમોદ થઈ જંબુસર તરફ જઈ શકશે. જંબુસર તરફથી આમોદ પ્રોગ્રામમાં જતા વાહનો સિવાયના તમામ વાહનો આમોદ શમા હોટલ થઈ સરભાણ થઈ પાલેજ તેમજ કરજણ તરફના રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે. દહેજ તરફથી આમોદ પ્રોગ્રામમાં જતા વાહનો સિવાયના તમામ વાહનો મુલેર ચોકડી-વાગરા દેરોલ થઈ દયાદરા નબીપુરથી પાલેજ થઈ સરભાણ થઈ સમા હોટલ આમોદ થઈ જંબુસર તરફના રસ્તાનો ઉપયોગ કરી શકશે.

# રાજપીપળા પાલિકા ચીફ ઓફિસરને રૂપિયા ૧૦ હજારનો દંડ ફટકાર્યો

### આરટીઆઈ હેઠળ સમયસર માહિતી નહીં આપતા મુખ્ય માહિતી કમિશ્નરે દંડ કર્યો

| રાજપીપળા |

રાજપીપલા નગરપાલિકાના ચીફ ઓફિસરને નગરના કસ્બાવાડ વિસ્તારના ગેરકાદેસર દબાણો અંગે અરજદારને માહિતી અધિકાર કાયદા હેઠળ પૂરતી અને સમયસર માહિતી નહિ આપતા રાજ્યના માહિતી કમિશનરે રૂ ૧૦ હજારનો દંડ ફટકાર્યો હોવાનું જાણવા મળે છે.

રાજપીપળા કસ્બાવાડના રહીશ હનીફ મન્સૂરી એ તેમના વિસ્તારમાં ગેરકાયદે દબાણો મામલે નગરપાલિકામાં તેમજ ત્યારબાદ પ્રાંત અધિકારીને ફરિયાદ કરી હતી છતાં ન્યાય ના મળતા અંતે ૩૦-૬-૨૧ ના રોજ આ મામલે આર ટી આઈ થી માહિતી માંગી હતી.

જે નહી મળતા હનીફ મન્સૂરીએ ગાંધીનગર માહિતી આયોગમાં અપીલ કરી હતી. જેથી આયોગે ચીફ ઓફિસર રાહુલ ઢોડિયા ને જવાબદાર ગણી કાર્યવાહી શા માટે હાથ ના ધરવી તેની સ્પષ્ટતા માંગી હતી વિલંબ અંગે ચીફ ઓફિસરે અપૂરતા સ્ટાફને કારણે વિલંબ થયો હોવાનું જણાવ્યું હતું.

જોકે આયોગે આ સ્પષ્ટતા સ્વીકાર પાત્ર નથી તેમ જણાવી માહિતી આપવામાં નિષ્ફળતા બદલ ચીફ ઓફિસર રાહુલ ઢોડિયાને જવાબદાર ગણી માહિતી અધિકાર અધિનિયમન કલમ૨૦(૧) અન્વયે રૂ ૧૦,૦૦૦ દંડ કર્યો છે. જે તેમના પગારમાંથી કપાત કરવાની રહેશે.

આમ માહિતી કાયદાનો ભંગ કરતા કર્મચારીઓને માટે લાલબત્તી સમાન આ હુકમ દ્રષ્ટાંત બની રહેશે. આ સંદર્ભે ચીફ ઓફિસરને પુછતા તેમણે આ વાતનો સ્વીકાર કર્યો હતો.

# કારેલી ગામે બંધ મકાનમાંથી રૂા. ૩.૧૪ લાખની મતાની ચોરી

| જંબુસર |

જંબુસર તાલુકાના કારેલી ગામે રાત્રિના સમયે એક પરિવાર પોતાનું રહેણાંક મકાન બંધ કરી ગરબા જોવા ગયો હતો. તે દરમિયાનમાં કોઈ નિશાચરો એ તેમના ઘરનો આગળનો દરવાજાનો નકુચો તોડી ઘરમાં પ્રવેશ કરી અંદર બેડરૂમમાં રાખેલ લોખંડની તિજોરી અન્ય લોકરનો દરવાજો કોઈ હથિયાર વડે ખોલી સોનાની વસ્તુઓ અને રોકડા રૂપિયા ત્રણ લાખ લઈ કુલ રૂપિયા ૩,૧૪,૧૦૦ ના મુદ્દા માલ સાથે ભાગી છુટવામાં સફળ રહ્યા હતા.

જંબુસર તાલુકાના કારેલી ગામે દૂધવાળા ગામના રોડ પર વિનય વિદ્યામંદિર હાઈસ્કૂલ ની પાછળ રહેતા નિલેશભાઈ જયંતીભાઈ પઢીયાર પોતાના પરિવાર સાથે બુધવાર ના રોજ રાત્રિના સમયે ગામની ભાગોળે માતાજીના ગરબા જોવા ગયા હતા. ત્યારે તેઓ મોડી રાત્રે ઘેર પરત આવતા તેમના મકાનના મુખ્ય દરવાજાની લોખંડની ગ્રીલ ખુલ્લી હોવાનું તેમજ દરવાજાને મારેલું તાળું તૂટેલી હાલતમાં નકુચામાં લટકતું જણાયું હતું. જેથી ઘરમાં જઈ તપાસ કરતા તેમના બેડ રૂમમાં રાખેલ લોખંડની તિજોરી, લોકરનો દરવાજો કોઈ હથિયાર વડે તોડી અંદર રાખેલી સોનાની વીંટી નંગ - ૧ ( રૂપિયા ૪૭૦૦ ) તેમજ કાનમાં પહેરવાની બુટ્ટી નંગ - ૨ ( રૂપિયા ૯૪૦૦ ) તેમજ રોકડા રૂપિયા ત્રણ લાખ મળી કુલ રૂપિયા ૩,૧૪,૧૦૦ નો મુદ્દા માલ લઈ ચોરો ભાગી છુટવામાં સફળ રહ્યા હતા.


**CA Foundation**
Nov.22 & May-23 Batch
ફકત ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ માટે ફી ફક્ત રૂા. 10000/-
જે વિદ્યાર્થીઓ અને વર્કિંગ વ્યક્તિઓ CA ન કરી શકતા હોય તેમના માટે ખાસ Account, GST અને Tax નો કોર્ષ, પ્રેક્ટિકલ ટ્રેનીંગ સાથે. ફક્ત રૂા. ૬૦૦૦માં
સંપર્ક : 9722049009
(વડોદરા સ્ટેશનથી તદ્દન નજીકમાં)



**પ્રજાપતિ મહિલા મંડળ, ભરૂચ**

**પ્રજાપતિ મહિલા મંડળ ભરૂચ દ્વારા આયોજીત સર્વગોળ પ્રજાપતિ જ્ઞાતિના ભાઈ-બહેનો જોગ.** સર્વગોળ પ્રજાપતિ જ્ઞાતિના ભાઈ-બહેનોને જણાવતા આનંદ થાય છે કે, પ્રજાપતિ મહિલા મંડળ ભરૂચ દ્વારા **તા.૫-૨-૨૦૨૩** મહાસુદ પુનમને રવિવારના રોજ સમુહલગ્ન નું આયોજન કરવામાં આવેલ છે તો સર્વ જ્ઞાતિના યુવક-યુવતીઓ જોડાવા ઈચ્છતા હોય તો તેમના માતા-પિતા તથા સમાજના અન્ય ભાઈ-બહેનોએ નોંધ લઇ વહેલી તકે નીચે આપેલ નંબર પર મંડળની બહેનોનો સંપર્ક કરવો. ફોર્મ ભરવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| રસીલાબેન : ૯૭૨૩૬૩૦૮૬૪ | હંસાબેન : ૯૭૧૨૮૧૧૦૦૮ |
| હસુમતિબેન : ૯૦૮૧૮૧૮૬૬૧ | કમળાબેન : ૭૨૨૬૦૯૨૦૨૦ |
| ઈલાબેન : ૯૯૯૮૯૭૦૨૭૮ | ઉષાબેન : ૯૮૨૪૬૫૦૬૧૬ |





Khadi India

ખાદી અને ગ્રામોદ્યોગ કમીશન પ્રમાણિત
જય હિન્દ ખાદી ગ્રામોદ્યોગ સંઘ-પાલનપુર આયોજીત

**ખાદી વેચાણ કેન્દ્ર**

પૂ.મહાત્મા ગાંધી જન્મ જયંતિ નિમિત્તે ખાદી વેચાણ ઉપર 30% વિશેષ વળતર આપવામાં આવશે.

ખાદી કાપડ, ચાદર, ડ્રેસ, રેડીમેડ શર્ટ, ચામડાની પ્રોડકટ તથા હર્બલ, આયુર્વેદિક પ્રોડકટ ઉપરાંત ગ્રામોદ્યોગની અનેક ચીજવસ્તુઓનું વેચાણ એક વાર અવશ્ય મુલાકાત લો.

તા.૨-૧૦-૨૦૨૨ થી તા.૨૩-૧૦-૨૦૨૨
સમય : સવારે ૧૦ થી રાત્રે ૯ કલાક
ફ્રી પાર્કિંગ

સ્થળ : સ્કાઉડ ગાઈડ સંકુલ, રોટરી કલબની બાજુમાં, ભરૂચ.

